૪(૫)

# SURAT URBAN DEVELOPMENT AUTHORITY
# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

"SUDA BHAVAN",
Near Collectorate,
Behind Govt. M/s. Building,
Nanpura, SURAT - 395 001.
Ph. : 2471473, 2472130, 2476822
Fax : (0261) 2470318
Email : sudaonline@yahoo.co.in
Web : http:\\www.sudaonline.com

વિકાસો નઃ અતિઃ સત્તા

"સુડાભવન",
કલેકટર કચેરીની નજીક,
બહુમાળી મકાનની પાછળ,
નાનપુરા, સુરત - ૩૯૫ ૦૦૧.
ફોન : ૨૪૭૧૪૭૩, ૨૪૭૨૧૩૦, ૨૪૭૬૮૨૨
ફેક્સ : (૦૨૬૧) ૨૪૭૦૩૧૮
ઈ-મેલ : sudaonline@yahoo.co.in
વેબસાઈટ : http:\\www.sudaonline.com

પત્ર નં.સુડા/મુ.૩/ટીપીએસ-૨૭(ઉત્રાણ-કોસાડ)/ તા. / /૨૦૦૬

(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ : ૪૨ અને તેના નિયમો-૧૯૭૯ નો નિયમ : ૧૮ હેઠળ)

## અધિસૂચન

નગર રચના યોજના નં. ૨૭(ઉત્રાણ-કોસાડ) : સુડા, સુરત નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે.

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭(ઉત્રાણ-કોસાડ) : સુડા : સુરત ના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૨૩/૧૨/૨૦૦૫ ના ઠરાવ નં. ૨૪૨૯ થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા' ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહી માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ:૪૨ અને તેના નિયમો ૧૯૭૯ ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉક્ત મુસદ્દારૂપ નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

<u>ચર્તુઃસીમા :-</u>

<u>નગર રચના યોજના નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ) : સુડા : સુરત.</u>

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | રેલ્વે લાઈન |
| દક્ષિણે | : | લાગુ સુચિત ૩૬ મીટર ડી.પી. રોડ અને મોજે : ઉત્રાણનાં બ્લોક નં.૨૪૭, ૭ થી ૫૨, ૫૪, ૫૫, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૦૯, ૧૦૩, ૧૦૨, ૭૬, જી.ઈ.બી.પાવર પાવર હાઉસ, વિગેરે |
| પૂર્વે | : | ઉત્રાણ જી.ઈ.બી.પાવર હાઉસ તરફ જતી લાગુ રેલ્વે લાઈન. |
| પશ્ચિમે | : | લાગુ મુંબઈ અમદાવાદ રેલ્વે લાઈન. |

<u>સદરહુ નગર રચના યોજનાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના બ્લોક નંબરોની યાદી :-</u>

<u>મોજે ઉત્રાણના બ્લોક નંબર :-</u>

૭૬/પૈકી, ૮૧/પૈકી, ૮૨/પૈકી, ૮૪/પૈકી, ૮૫ થી ૧૦૦, ૧૧૮, ૧૧૯/એ, ૧૧૯/બી, ૧૨૦ થી ૧૪૬, ૧૪૭/એ, ૧૪૭/બી, ૧૪૮/એ, ૧૪૮/બી, ૧૪૯ થી ૧૫૪, ૧૫૫/એ, ૧૫૫/બી, ૧૫૬ થી ૧૮૨, ૨૦૮ થી ૨૧૩, ૨૧૪, ૨૧૪/પૈકી, ૨૧૫ થી ૨૪૬, ૨૪૮, ૨૪૯, ૨૫૦/એ, ૨૫૦/બી, ૨૫૧ થી ૨૫૪.

<u>મોજે કોસાડના બ્લોક નંબર :-</u>

૧૧૯ થી ૧૪૩, ૧૪૭/પૈકી, ૧૬૩, ૧૬૫.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડા ભવન", કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્ય પત્રમાં જાહેર થર્યેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સ્થળ : સુરત.
તારીખ : / /૨૦૦૬.

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.